@ગાંધીનગર

● સે-૩-બી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૩-બીના નવરાત્રી ચોક ખાતે બેઠક યોજાશે.

● સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૧૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે સંગીતનો કાર્યક્રમ યોજાશે.

# શહેરમાં નવરાત્રીની તડામાર તૈયારીઓ શરૂ

## સેકટરોમાં તેમજ સોસાયટીઓમાં રાત્રી બેઠકોનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૬

તારા વિના શ્યામ મને એકલડું લાગે રાસે રમવાને વ્હેલો આવજે હો હો..નવલી નવરાત્રીના પ્રારંભને બે સપ્તાહ જેટલો સમય બાકી રહ્યો છે. નવરાત્રીમાં ગરબે ઘુમીને માતાજીની આરાધના કરવા યુવાનો થનગની રહ્યા છે. ગરબા કલાસીસમાં ચાર ચાર કલાકથી પણ વધુ પસીનો વહાવી રહ્યા છે ત્યારે શહેરમાં સેકટરોમાં તેમજ સોસાયટી સહિત ખાનગી આયોજકો દ્વારા સુંદર નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગરમાં નવરાત્રી મહોત્સવને અનુલક્ષી રાત્રી બેઠકોનો દોર શરુ થઈ ગયો છે. શહેરમાં મોડીરાત સુધી વસાહતીઓની બેઠકો યોજાય છે. જયારે કેટલાક સ્થળોએ તો નવરાત્રીના આયોજનના ભાગરુપે મેદાન પણ સાફ સુથરા સહિતની કામગીરી પૂર્ણ થઈ ચુકી છે. અત્યારે હાલ તો ગણેશ મહોત્સવ પૂર્ણ થતાંની સાથે જ શહેરમાં નવરાત્રીની તડામાર તૈયારીઓમાં આયોજકો લાગી ચુકયા છે.

નવલી નવરાતની ઉજવણી નવ દિવસ સુધી કરવામાં આવે છે. સમગ્ર ભારતમાં નવરાત્રી મહોત્સવ એ લાંબા સમયના ઉજવાતા ઉત્સવ તરીકે જાણીતો છે.



નવરાત્રીમાં નવ દિવસ સુધી માતાજીની પૂજા-અર્ચના ભકતો દ્વારા કરવામાં આવે છે. જયારે રાત્રીના સમયે માતાજીના ગરબા યોજાય છે. ગરબામાં નાના બાળકથી લઈ વયોવૃધ્ધ નાગરીકો પણ ગરબે ઘુમીને માતાજીની ભકિત અને આરાધના કરે છે. શહેરમાં છેલ્લા દસ દિવસથી ગણેશ મહોત્સવ ચાલી રહ્યો હતો.જેમાં સુંદર ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. શહેરમાં ગણેશ મહોત્સવના સુંદર મોટા આયોજનને પગલે નગર આખું ગણેશમય બની ગયું હતું. ત્યારે ગણેશ મહોત્સવ પૂર્ણ થતાં જ નવરાત્રીની બેઠકોનો ધમધમાટ શરુ થઈ ગયો છે. નવરાત્રી આયોજકો દ્વારા રાત્રીના સમયે મોડે સુધી મીંટીગો યોજાય છે જેમાં આ વર્ષેના આયોજનની રુપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. જયારે શહેરના સેકટરોમાં તેમજ સોસાયટી સહિત નગરના મોટા ગ્રાઉન્ડમાં પણ ખાનગી આયોજકો દ્વારા ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરાય છે. નવરાત્રીની તૈયારીના ભાગરૂપે કેટલાક સ્થળોએ ગરબા ગ્રાઉન્ડ પણ સાફ કરી દેવામાં આવ્યા છે. જયારે નગરજનોને આગામી ટુંક સમયમાં નવરાત્રી માટેના બંધાતા સુંદર મંડપ અને લાઈટીંગનું કામ કરતા કારીગરો પણ નજરે પડશે. શહેરમાં નવરાત્રી સુધી બેઠકોનો દોર ચાલુ રહેતા ધમધમાટ જોવા મળશે.

વાતવાતમાં

● પાટીદાર અનામત આંદોલનના આગેવાન દિનેશ બાંભણીયાને પીએમના આગમનને પગલે તેઓના નિવાસસ્થાને પોલીસ દ્વારા નજરકેદ કરવામાં આવ્યા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પી.એમ. આગમનને પગલે હોસ્પિટલની ત્રણ આઈસીયુ ઓન વ્હીલ ટીમમાં વ્યસ્ત છે. જેથી દર્દીને તકલીફ ના પડે તે હેતુ માટે બે અન્ય શહેરમાંથી મંગાવવામાં આવી છે.

## લોહાણા યુવા સંગઠન દ્વારા રવિવારે વીરપુર યાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા આગામી રવિવારે ગાંધીનગરથી વીરપુર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમ્યાન વીરપુર ઉપરાંત સારંગપુર અને ચોટીલાની પણ મુલાકાત લેવાનું આયોજન છે. આ પ્રવાસનો લાભ લેવા ઈચ્છતા ભાવિકોએ પોતાનાં નામ જલારામ મંદિરના મેનેજરને નોંધાવવા યુવા સંગઠનની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ અંગેની વધુ માહિતી માટે ફોન નંબર ૨૩૨૨૩૬૧૪ દ્વારા સંપર્ક કરવા વધુમાં જણાવ્યું છે.

## હોર્સ રાઈડીંગ કલબમાં એડવાન્સ કોર્ષ માટે ઠેંગો : યુવાનોમાં નારાજગી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરીમાં કાર્યરત હોર્સ રાઈડીંગ કલબમાં લાંબા સમયના અંતે પણ એડવાન્સ કોર્ષ શરૂ કરવામાં આવ્યો નથી. હોર્સ રાઈડીંગ માટે બેઝીક કોર્ષ જ ચાલતો હોવાથી ડીજી કપમાં ગાંધીનગરના યુવાનો ભાગ લઈ શકશે નહીં.

રાજયમાં વિવિધ પોલીસ હેડ કવાટર્સ ખાતે હોર્સ હાઈડીંગ કલબ કાર્યરત છે. ગાંધીનગરમાં પણ યુવાનોની રજૂઆતના અંતે તત્કાલિન રેંજ આઈ.જી. હસમુખ પટેલે હોર્સ રાઈડીંગ કલબ શરુ કરવા સુચના આપી હતી. જો કે સવા વર્ષના અંતે પણ રાઈડીંગ કલબમાં ચાલતા કોર્ષને અપગ્રેડ કરી શકાયો નથી. હોર્સ રાઈડીંગ શીખવા માંગતા યુવાનોને બેઝીક તાલીમ જ આપવામાં આવે છે. યુવાનો એડવાન્સ કોર્ષની ફી ભરવા છતાં તાલીમથી વંચિત રહી ગયા છે. રાજયમાં એડવાન્સ કોર્ષની તાલીમ લેતા યુવાનો ડીજી કપમાં ભાગ લેતા હોય છે. આવા સંજોગોમાં ગાંધીનગરના યુવાનોએ હોર્સ રાઈડીંગ કલબમાં એડવાસ કોર્ષ શરુ કરવાની પ્રબળ માંગ કરી છે. હોર્સ રાઈડીંગ કલબની જવાબદારી સંભાળતા પીએસઆઈ યાદવ મનસ્વી જવાબો આપી યુવાનોની રજુઆત સાંભળવાનું પણ ટાળી રહ્યા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

## રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે ડેન્ટલ કેમ્પ યોજાયો







ગાંધીનગર, તા. ૧૬

રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા ગાંધીનગરની સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે વિદ્યાર્થીઓ માટે ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરનાં જાણીતા ડેન્ટીસ્ટ અને રોટેરીયન ડૉ. અંકુર પરમાર તથા તેમના માર્ગદર્શનમાં ચાર નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા શાળાનાં ૧૭૦૦ થી વધુ બાળકોનાં દાંતની ચકાસણી તથા જેમને જરૂર હતી તેમને ટુથપેસ્ટ સહિતની તમામ પ્રકારની દવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી. બાળકોને દાંતને સ્વસ્થ રાખવા માટે લેવાની કાળજી વિશે પણ ડૉ. અંકુરભાઈ પરમારે સમજ આપી હતી.

આ કાર્યક્રમમાં રોટરી કલબનાં પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણા, સ્થાપક પ્રમુખ શ્રી જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખો શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રીમતી અમીબહેન શાહ, આઈપીપી શ્રી મનોજભાઈ સરૈયા, સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, રોટેરીયન સુશ્રી જયશ્રીબહેન ખેતીયા, શ્રી પ્રહલાદભાઈ પટેલ અને શ્રી રાકેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

રોટેરીયન ડૉ. અંકુરભાઈ પરમારની સાથે તેમની ટીમમાં ડૉ. અમીબહેન જોષી, ડૉ. પીનલબહેન વાઘાણી, ડૉ. જિગ્નાશાબહેન શાહ અને ડૉ. હિરલબહેન શાહ તથા તેમના મદદનીશોની સમગ્ર ટીમે આ કેમ્પમાં પોતાની સેવાઓ પ્રદાન કરી હતી. શાળાનાં આચાર્ય સિસ્ટર રેણુકા તથા તેમના શૈક્ષણિક સ્ટાફ દ્વારા કેમ્પને સફળ બનાવવા માટે પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

## સોમવારે આધારકાર્ડ કેમ્પ યોજાશે

વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલાબેન શુકલ અને જાયન્ટ ગ્રુપ ઓફ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે શ્રી જયોતિશ્વર મહાદેવ મંદિર, વિરાટનગર, સે-૨૩ ખાતે આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા નાગરિકોને જણાવાયું છે.

## જલુંદ ગામની કિશોરીને પડોશી ભગાડી ગયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા જલુંદ ગામમાં રહેતી ૧૭ વર્ષિય કિશોરીને લલચાવી ફોસલાવીને ગામનો જ યુવાન શખ્સ ભગાડી ગયો હોવાની ઘટના બનવા પામી છે. બે દિવસ અગાઉ રાત્રીનાં અરસામાં કિશોરીને બદ ઈરાદાથી ગામનો શખ્સ નુરશા દિનશા ફકીર ઉઠાવી ગયો હતો. આ ઘટના મામલે અપહ્યુત કિશોરીની માતાની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે યુવાન શખ્સ સામે પોક્સોનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના અંગે સી.પી.આઈ વાય.આર.મિશ્રાએ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## ૨૬મીએ ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવીઝન દ્વારા આગામી તા.૨૬ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧.૩૦ કલાકે સે-૧૧ ખાતે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની ફરિયાદો સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડીવિઝન, સે-૧૧ ખાતે મોડામાં મોડી તા. ૨૧ સપ્ટેમ્બર સુધીમાં મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહિ તેમ પ્રવર અધિક્ષક ડાકઘર ગાંધીનગર વિભાગ દ્વારા જણાવાયું છે.

## ઉનાવા ગામમાં નજીવી બાબતે મારઝુડ : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામમાં રાવળ વાસ ખાતે રહેતા દિનેશભાઈ ડાહ્યાભાઈ રાવળના પરિવારજનો દ્વારા રસ્તા પર અવાર નવાર પાણી ઢોળવામાં આવતુ હોવાથી ફળીયામાં ગંદકી થતી હતી. આ રસ્તેથી અવર જવર કરવામાં પણ તકલીફ પડતી હોવાથી પડોશમાં રહેતા ભરતભાઈ લાલભાઈ રાવળે દિનેશભાઈને આ મામલે રજુઆત કરી હતી. ઉશ્કેરાઈ ગયેલા દિનેશભાઈ, તેમના પત્ની ગીતાબેન તથા ડાહ્યા પુંજા રાવળ અને લીલા ડાહ્યા રાવળે મળીને ભરતભાઈને ગડદાપાટુનો માર મારી ગાળાગાળી કરી હતી. તેટલામાં લોખંડની પાઈપ લઈને આવેલા દિનેશભાઈએ ભરતભાઈને પાઈપ મારતા ઘાયલ થયા હતા. આ મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધીને જમાદાર બાબુભાઈએ તપાસ આરંભી છે.

## શહેરમાં ગુરુદ્રોણ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ સ્થિત ઈન્ડીયન ઈન્સ્ટયુટ ઓફ ટીચર એજ્યુકેશન ખાતે ગુરુદ્રોણ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો ઉદ્દ્ઘાટન




સમારોહ યોજાયો હતો. કેન્દ્રના માનવ સંશાધન અને વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર ના હસ્તે આ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ખાસ હાજર રહ્યા હતા. જયારે કાર્યક્રમમાં અધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં તાલિમાર્થીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ સ્થિત આઈઆઈટીઈમાં ગુરુદ્રોણ સ્કીલ ડેવલપમેન્ટના ઉદઘાટન સમારોહ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર તેમજ રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિત આંમત્રિત મહેમાનોએ દિપપ્રાગ્ટય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે મહેમાનોનું શાલ તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આઈઆઈટીઈના ડીને સ્વાગત પ્રવચન કર્યુ હતું. જયારે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે શિક્ષકના માથે ભાવિ પેઢીને તૈયાર કરવાની જવાબદારી હોય છે. બીએડ કરીને શિક્ષક બની જાય છે પરંતુ ત્યારબાદ શું કરુ તેની મુંઝવણ અનુભવે છે. શિક્ષણ એ ધીરજ અને શાંતપણની ખેતી છે. શિક્ષક ધીરજ રાખે તો યોગ્ય ઘડતર થાય છે. જયારે કવોલીટીવાળા શિક્ષણ માટે કવોલીટીવાળા શિક્ષકો જોઈએ અને શિક્ષક કે બાળક પર કોઈપણ ભાષાનો પ્રભાવ કે અભાવ ના હોવો જોઈએ તેમજ શિક્ષકએ બાળકના ભગવાને છે. જયારે આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે પોતાના વકત્વ્યમા કહ્યુ હતું કે અત્યારના સમયમાં દરેક પરિવાર પોતાના બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મળે તેવી પ્રાર્થના કરે છે. શિક્ષક એ બાળકમાંથી સારા નાગરીક તૈયાર કરે છે. જે દેશમાં સારા શિક્ષકો છે તે દેશના નાગરીકોની આંતરીક શકિતનો વિકાસ વધુ થયો હોય છે જેથી દેશ આગળ વધે છે. ભારતમાં સૌથી વધુ યુવાપેઢી છે સારું શિક્ષણ પ્રાપ્ત કર્યુ હશે પરંતુ કૌશલ્ય નહી હોય તો જોબ મળશે નહી માટે આજના સમયે શિક્ષણની સાથે કૌશલ્ય પણ એટલું જરુરી છે. અત્યારના હાલના સમયે દરેક ચીજવસ્તુઓમાં સ્કીલ ડેવલપમેન્ટ જરુરી છે. કે.જી. થી પી.જી.માં કરોડો બાળકો અભ્યાસ કરે છે તેના માટે દેશમાં એક કરોડ શિક્ષકો જોઈએ છે. જે ટીચર તમારી સાથે માનવતાનો વ્યવહાર કરે તેને તમે આજીવન નહી ભુલી શકો તે શ્રેષ્ઠ શિક્ષક છે. મારી માતા પણ શિક્ષક છે વયોવૃધ્ધ હોવા છતા વાંચે છે, શીખે છે અને શીખવાડે છે મને આજે આ પ્રસંગે બોલાવ્યો એટલે ખુબ ખુશ છું. ગુરુદ્રોણ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો ખુબ વિકાસ થાય તેવી શુભેચ્છા પાઠવી પોતાની વાત પુરી કરી હતી. આ કાર્યક્રમમાં એ.જે. શાહ, આઈઆઈટીઈના ડીન કલ્પેશ પાઠક, વાઈસ ચાન્સેલર શશીરંજન યાદવ, એચઓડી, વિપુલ ઠાકર, રોશનીબેન, મધુસુદન મકવાણા, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, સહિત અધિકારીગણ તેમજ કર્મચારીગણ અને તાલિમાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ઈલે. ઈજનેરને નોકરીમાંથી કાઢી મુકાતા કંપનીનાં ડાયરેક્ટર પર હુમલો

### ચરાડા ચોકડી પાસે ઓડી ગાડી ઉભી રખાવી ધોકા લઈને આવેલા ચાર શખ્સોએ ઓડી પર તુટી પડ્યાઃ દરવાજો ન ખુલતા ડાયરેક્ટર બચી ગયા

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદ થલતેજ ખાતે રહેતા વિરલભાઈ મુકુંદભાઈ શાહ કુકરવાડા જી.આઈ.ડી.સીમાં સ્થિત જીસ્કોલ એલાઈજ લી. કંપનીનાં ડાયરેક્ટર છે. તેમની કંપનીમાં ઈલેક્ટ્રીક ઈજનેર તરીકે નોકરી કરતા માણસા ચરાડા વિસ્તારના રાજેશ માનસીભાઈ ચૌધરીને ત્રણેક માસ પહેલા કોઈ કારણોસર કાઢી મુકવામાં આવ્યા હતા. આ અદાવતમાં રાજેશે તેના સાગરીતો સાથે મળીને ચરાડાથી ઓડી ગાડી લઈને પસાર થઈ રહેલા ડાયરેક્ટરને ટાર્ગેટ કરી ગાડી પર હુમલો કર્યો હોવાની ઘટના બનવા પામી છે.

૧૩ સપ્ટેમ્બરે સાંજે વિરલભાઈ પોતાની ઓડી ગાડીમાં ડ્રાઈવર સાથે અમદાવાદથી પોતાની કંપનીમાં ગયા હતા અને ત્યાર બાદ બે કલાકમાં કામ પતાવીને પરત અમદાવાદ જઈ રહ્યા હતા. દરમ્યાન ચરેડી ચોકડી પાસે તેમની ઓડી ગાડી ધોકો લઈને આવેલા એક શખ્સે રોકાવી દીધી હતી. ગાડી ડ્રાઈવરે જેવી ઉભી રાખી કે તરત પાછળથી એક બીજી ગાડીમાં ચાર શખ્સો ધોકા લઈને આવ્યા જેમાં એક કાઢી મુકાયેલો ઈજનેર રાજેશ પણ હતો. ગાડી ખોલવા તે શખ્સોએ પ્રયત્નો કર્યા પરંતુ દરવાજા ન ખુલતા તે શખ્સોએ ઓડી ગાડી પર ધોકા વિંઝી તોડફોડ મચાવી મુકી હતી. ગાડી રીવર્સ કરીને ડ્રાઈવરે સમયસુચકતા દાખવી પોલીસ સ્ટેશન લઈ લીધી હતી. ડાયરેક્ટરની ફરીયાદને આધારે માણસા પોલીસે આઈ.પી.સી કલમ ૧૪૩, ૩૪૧, ૪૨૭ અને ૫૦૬(૨) મુજબ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે. પી.એસ.આઈ એ.એસ.સરવૈયાએ આ ગુનાની તપાસ સંભાળી છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં હિન્દી દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી દિનનો સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રભાષા હિન્દીમાં પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રાર્થના બાદ રાષ્ટ્રભાષા હિન્દી કેવી રીતે માન્ય થઈ અને રાષ્ટ્રભાષાનું શું મહત્વ છે? સહિતની સંબંધિત માહિતી આપી હતી. ત્યારબાદ કબીરના દોહા અને મીરાંબાઈનું ભજન પણ ભાવવાહી અવાજમાં ગાવામાં આવ્યું હતું. સ્કૂલમાં હિન્દી નિબંધ લેખન સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. આચાર્યએ તેમના પ્રવચનમાં રાષ્ટ્રભાષા હિન્દીનું ગૌરવ વધારવા અને શુદ્ધ હિન્દી બોલવા પર ભાર મૂકયો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓની અસરકારક રજૂઆતને સૌએ તાળીઓથી વધાવી લીધી હતી. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભાષા હિન્દીનું ગૌરવ વધારવા માટે સંકલ્પ પણ લીધા હતા.

## સે-૨૧માં આધારકાર્ડ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૨૧ શ્રી વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે આગામી તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ આધાર કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરના ૧૨ થી ૬ કલાક દરમિયાન બે દિવસીય આધારકાર્ડ કેમ્પનો લાભ લઈ શકાશે. નાગરિકોને કેમ્પનો લાભ લેવા અશ્વિનભાઈ દવે અને જેઠાલાલ પટેલ દ્વારા જણાવાયું છે.

# નિસર્ગ દ્વારા ઓઝોન દિનની ઉજવણી અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૧૬

પૃથ્વીની આસપાસ વાયુમંડળમાં ઓઝોન વાયુનું પડ આવેલું છે. જીવંત સૃષ્ટિના અસ્તિત્વ માટે આ પડની ભૂમિકા મહત્વની છે. રસાયણ ક્ષેત્રે થયેલા માનવીય વિકાસ તેમજ પ્રદુષણને કારણે આ પડમાં નુકસાન થયું છે જેની અસર પૃથ્વી પરની વનસ્પતિઓ, પ્રાણીઓ, જીવજંતુઓ અને માનવજાત પર થાય છે.

આ એક સાર્વત્રિક સમસ્યા છે. ઓઝોન પડની જાળવણી માટે જનજાગૃતિ કેળવાય તે માટે દર વર્ષે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી-ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે વી.પી.એમ.પી. પોલીટેકનીક કોલેજ સે-૧૫ ખાતે એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સતિષભાઈ પટેલ (આઈએએસ) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગર, શ્રી વી.આર. પટેલ પ્રાદેશિક અધિકારી-ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ-પ્રાદેશિક કચેરી ગાંધીનગર, શ્રી હેમંતભાઈ સુથાર-આસીસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ-ગાંધીનગર, ડૉ. અનિલભાઈ પટેલ-મેનેજીંગ ટ્રસ્ટી-નિસર્ગ, શ્રી આનંદભાઈ પટેલ-






આચાર્ય વીપીએમપી પોલીટેકનીક કોલેજ, શ્રી એમ.પી. પટેલ એચ.ઓ.ડી. મીકેનીકલ ડિપાર્ટમેન્ટ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સતિષભાઈ પટેલે વિદ્યાર્થીઓને ઓઝોન વાયુ વિશે તેમજ ઓઝોન પડને કઈ રીતે બચાવી શકીએ તથા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી માટે ઉપયોગી માહિતી આપી હતી.

ડૉ. અનિલભાઈ પટેલે રોજીંદા વપરાશની વસ્તુઓમાં જે કલોરો ફલોરો કાર્બન (સીએફસી) ગેસ રહેલો છે અને તે ઓઝોન વાયુને કઈ રીતે નુકશાન કરે છે તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરી ઓઝોન પડને બચાવવા તેમજ પ્રદુષણ ઘટાડવા માટેના ઉપાયો વિશે સમજ આપી હતી.

શ્રી હેમંતભાઈ સુથારે વિદ્યાર્થીઓને મોન્ટ્રીલ કરાર, પર્યાવરણ વિશેના નિયમો તેમજ બચાવવાના ઉપાયો વિશે રસપ્રદ માહિતી આપી હતી. કાર્યક્રમની આભારવિધિ કોલેજના આચાર્ય શ્રી આનંદભાઈ પટેલે દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એન્જીનીયરીંગની જુદી જુદી બ્રાંચના ૫૦૦ વિદ્યાર્થીઓ અને ૩૦ જેટલા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ઓઝન વિશેની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી તથા કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ઓઝોનની સમજ આપતું સાહિત્ય પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો સફળ બનાવવામાં વીપીએમપી પોલીટેકનીક કોલેજના મીત્તલબેન પટેલ અને વૈશાલીબેન મહેતા તેમજ નિસર્ગના કો ઓર્ડીનટેર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.